# અમદાવાદના મહે. એડિ. ચી. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં (કોર્ટ નં.૦૧) ઘી કાંટા, અમદાવાદ

## // ઠ રા વ //

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી વિરુધ્ધ આઈ.પી.સી. ૨૮૩ મુજબનો ગુન્હો કરેલાનું ચાર્જશીટ તપાસ કરનાર અધિકારીશ્રીએ આરોપી વિરુધ્ધ કરેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામાં આવેલ, ત્યારબાદ આરોપીએ આજ રોજ અદાલતમાં કોર્ટ સમક્ષ હાજર થઈ પ્રથમ તબકકે જ ગુન્હા કબુલાતની પુરસીસ રજુ કરેલ અને તેમાં જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ હોવાનું જણાવી કોર્ટ સમક્ષ દયાની અરજી કરેલ. આરોપીની ગુન્હા સંબંધી પ્લી લેતાં તેમાં પણ તેમની સામે ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે.

૩. આરોપીને ગુન્હાની ગંભીરત અંગે સમજાવવામાં આવ્યા, તેમ છતાં આરોપી ગુના કબુલાતની હકીકતને વળગી રહેલ છે, જેથી આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય તેવું સ્ પષ્ટપણે જણાઈ આવે છે. અગાઉ આરોપીએ આ પ્રકારનો ગુન્હો કર્યો હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવતું નથી. જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોઈ અને આરોપીને સુધરવાની તક મળી રહે તેમજ ભવિષ્યમાં તેઓ આ પ્રકારનું કૃત્ય નહીં કરે તેવી કોર્ટ સમક્ષ ખાતરી આપતાં હોઈ આરોપીની સ્વૈચ્છીક કબુલાત લક્ષમાં લઈ ગુનેગારને તેના કૃત્યનો અહેસાસ થાય તે માટે નીચે મુજબ શિક્ષા કરતો હુકમ કરું છું.

## //હુકમ //

(અ) આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે આઈ.પી.સી.૨૮૩ મુજબના ગુન્હામાં દોષિત ઠરાવી રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એક સો પુરા)નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ના ભારે તો દિન ૩ની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(બ) મુદ્દામાલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૪ મી માહે ૯ સને ૨૦૧૯ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(એમ. એ. મિરઝા)
એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૦૧, અમદાવાદ.
(જીજે-૦૦૭૧૩)

સ્થળ: અમદાવાદ
તા.૧૪-૦૯-૨૦૧૯